ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ નો તા ૧ લી મે, ૨૦૧૩થી અમલ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

પરિપત્ર ક્રમાંક:બીઆઈએ/૧૦૯૦/૧/ટેમ્પ/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ . ૦૬/૦૫/૨૦૧૩.

Technical Cell
G. W. S. & S. B
Gandhinagar
In. No 625
Date 24/5/13

**વંચાણે લીધા:**

(૧) વૈધાનિક અને સંસદિય બાબતોના વિભાગ દ્વારા તા.૨૨/3/૨૦૧૩ ના EXTRAORDINARY ગેઝેટ(Extra No.6) માં પસિદ્ધ થયેલ "Gujarat Irrigation and Drainage Act, 2013" અને તેનું ગુજરાતી ભાષાંતર "ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩".

(૨) નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા તા.30/0૪/૨૦૧૩ના EXTRAORDINARY ગેઝેટ (Extra No.99) માં પ્રસિદ્ધ થયેલ Notification.

**આમુખ :**

ગુજરાત રાજ્યમાં સને ૨૦૧૧થી " ગુજરાત સિંચાઇ અધિનિયમ, ૧૮૭૯ " (અગાઉના મુંબઈ સિંચાઇ અધિનિયમ, ૧૮૭૯ ) નામાભિધાન ધરાવતો સિંચાઈને લગતો કાયદો અમલમાં હતો. આથી, રાજ્યમાં બ્રીટીશ શાસનકાળના ૧૩૪ વર્ષ જૂના સિંચાઈના મૂળ કાયદાને સ્થાને અદ્યતન બાબતોને સાંકળીને આનુષંગિક ફેરફાર સહિત, ગુજરાત રાજ્યના નવા અલગ કાયદા તરીકે પરિવર્તીત કરવાનું નક્કી કરવામાં આવેલ. આ સંબંધે જૂના કાયદાની જોગવાઇઓની સમીક્ષા કરીને હાલમાં અપ્રસ્તુત જોગવાઇઓને રદ કરવા તેમજ સર્વે પ્રજાજનો અને ઉપભોક્તાઓની પાણીની જરૂરિયાતને મહદ અંશે સંતોષી શકાય તે હેતુથી અમૂલ્ય કુદરતી સંપદા એવા પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય,ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને લઇને સિંચાઇની પ્રવૃત્તિને મહત્તમ વેગ મળે તેમજ સહભાગી સિંચાઈ વ્યવસ્થા અંગેના " ગુજરાત પાણી વપરાશકાર સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૭ " ની જોગવાઇઓને પરસ્પર અનુરૂપ રહે તેવી યોગ્ય જોગવાઇઓને આમેજ કરવા ભાર આપવામાં આવેલ. આથી, સિંચાઈના જૂના કાયદાને સ્થાને અદ્યતન બાબતોને સાંકળીને "ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩" (Gujarat Irrigation and Drainage Act ,2013) ના નામે રાજ્યના અલગ અધિનિયમને અમલી બનાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર:

ઉપર્યુક્ત વિગતે, ૧૩ મી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં 'ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક, ૨૦૧૩' રજૂ થયેલ અને તા.૨૭/૦૨/૨૦૧૩ના રોજ વિધાનસભા ગૃહ દ્વારા આ વિધેયક પસાર થયેલ .આ વિધેયકને નામદાર રાજ્યપાલશ્રીની અનુમતિ મળ્યા બાદ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તા.૨૨ મી માર્ચ,૨૦૧૩ના Extraordinary Gazette માં અંગ્રેજીમાં "Gujarat Irrigation and Drainage Act, 2013" અને ગુજરાતીમાં "ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩" ના નામે 'સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૬' તરીકે પ્રસિદ્ધ કરવામાં આવેલ. ઉક્ત અધિનિયમની કલમ-૧ની પેટાકલમ-3 અનુસાર, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખથી ઉક્ત અધિનિયમને અમલમાં મૂકવાની જોગવાઈ કરવામાં આવેલ. સદર જોગવાઈને અનુલક્ષીને, આ નવા અધિનિયમને તારીખ ૧ લી મે ,૨૦૧૩ની અસરથી અમલ કરવાનો નિર્ણય થતાં, ઉક્ત વૈધાનિક પ્રક્રિયાને અંતે, તા.30 મી એપ્રીલ,૨૦૧૩ના The Gujarat Government Gazette EXTRAORDINARY માં પ્રસિદ્ધ થયેલ જાહેરનામા અનુસાર, અંગ્રેજીમાં "Gujarat Irrigation and Drainage Act, 2013" અને ગુજરાતીમાં "ગુજરાત સિંચાઇ અને

Office of M.S.
G.W.S. & S.B
In. No. 3480
Date 23/5/13

Prin. Secy.(WS)
No. 753
Dt. 18-5-2013

પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩" ના નામે ઉક્ત અધિનિયમને સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૬ તરીકે ,તા.૦૧/૦૫/૨૦૧૩ (પહેલી મે સને બે હજાર તેર) ની અસરથી અમલમાં મૂકવામાં આવેલ છે.

અંગ્રેજીમાં "Gujarat Irrigation and Drainage Act, 2013" ,તેના ગુજરાતી ભાષાંતર અને આ અધિનિયમના અમલ અંગેના જાહેરનામાને www.gswan.gov.in માં જળસંપત્તિ વિભાગની વેબ સાઈટ http://guj-nwrws.gujarat.gov.in ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

( એચ.એન.બારોટ )

ઉપસચિવ(જળસંપત્તિ)

નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**બિડાણ :** તા.૩૦/૦૪/૨૦૧૩નું જાહેરનામું.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ,ગાંધીનગર. *
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. *
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર. *
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર. *
- સચિવાલયના તમામ વિભાગો.
- નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ /સર્વે મુખ્ય ઈજનેરશ્રી/તાંત્રીક અધીકારીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- નર્મદા, જળસંપત્તિ,પા.પુ. અને કલ્પસર વિભાગની સર્વે શાખાઓ અને અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધીકારીશ્રીઓ.
- નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ. **(૨ નકલમાં)** ***(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી અને સર્વે કચેરીઓને લેખિત સ્પષ્ટ સૂચના પાઠવીને અમલ કરવા સારૂં)***
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, " વાલ્મી" ,આણંદ.
- નાણાં શાખા, નાણાં વિભાગ, બ્લોક નં-૯,સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ. *
- નર્મદા, જળસંપત્તિ,પા.પુ. અને કલ્પસર વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ.
- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર. *(આ વિભાગની વેબસાઈટમાં પ્રસિદ્ધ કરવા માટે)*
- સિલેક્ટ ફાઈલ.

---

* પત્ર દ્વારા

Extra No. 99

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIV] TUESDAY, APRIL 30, 2013/VAISAKHA 10, 1935

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

NARMADA WATER RESOURCES, WATER SUPPLY AND KALPASAR DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 30th April, 2013.

GUJARAT IRRIGATION AND DRAINAGE ACT, 2013

**No.BIA-1090-1-GN-6(2013)**-Temp-P:-In exercise of the powers conferred by sub-section (3) of section 1 of the Gujarat Irrigation and Drainage Act, 2013(Guj.6 of 2013), the Government of Gujarat hereby appoints the1st May, 2013 as the date on which the provisions of the said Act shall come into force.

By order and in the name of the Governor of Gujarat,

H, N. BAROT,
Under Secretary to Government.

------------



Government Central Press, Gandhinagar.

265